સને ૨૦૧૬-૧૭માં નવી બાબતે માંગણી નં-૯,૯૫ અને ૯૬ પ્લાન સદરે રાજ્યની મધ્યાહન ભોજન યોજના ખાતે રસોઇ બનાવવા માટેના કિચન શેડના રીપેરીંગ કરવાની યોજનાને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૫/૪૦૯ /૨,

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તા. ૨૯/૦૪ /૨૦૧૬

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા૨૩/૪/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક; મભય/૧૦૨૦૧૪/૫૮૬ /૨

(૨) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૧૩/૪/૨૦૧૬ના પત્ર ક્રમાંક:મભય/અમલ/કિચનરીપેરીંગ/૧૬-૧૭/૩૮૯૬.

ઠરાવ-

૨/ સને ૨૦૧૬-૧૭માં નવી બાબતે માંગણી નં-૯, ૯૫ અને નં -૯૬ પ્લાન સદરે રાજ્યમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો ખાતે રસોઇ બનાવવા માટે પ્રાથમિક શાળાઓમાં અગાઉ બનાવવામાં આવેલ કિચનશેડના બાંધકામમાં થયેલ નુકશાન /ખુબજ જુના જર્જરીત અને પડી જાય તેવા હાલતમાં હોય તેવા ૨૫૦ કિચનશેડના રીપેરીંગમાં છતનું રીપેરીંગ, દિવાલોનું રીપેરીંગ તેમજ પ્લાસ્ટરનું કામ,ભોયતળિયાનું રીપેરીંગ, ટાઇલ્સનું કામ, બારી-દરવાજાનું કામ, કલરકામ અને ઇલેક્ટ્રીક કામ માટે એક કિચનશેડ દીઠ રુ.૪૦,૦૦૦/- લેખે એસ.એસ.એ.દ્વારા કામગીરી હાથ ધરવા માટે નીચે મુજબની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવા માટે કમિશ્નરશ્રી, મ.ભો.યો.દ્વારા દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | માંગણી નંબર | યુનિટ | એક યુનિટનો ખર્ચ | કુલ ખર્ચ(લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | માંગણી નં.૯ | ૧૮૦ | ૪૦,૦૦૦ | ૭૨.૦૦ |
| ૨ | માંગણી નં.૯૫ | ૨૫ | ૪૦,૦૦૦ | ૧૦.૦૦ |
| ૩ | માંગણી નં.૯૬ | ૪૫ | ૪૦,૦૦૦ | ૧૮.૦૦ |
| | કુલ | ૨૫૦ | | ૧૦૦.૦૦ |

૩/ ઉકત બાબતે પુખ્ત વિચારણાને અંતે સને ૨૦૧૬-૧૭માં નવીબાબતે માંગણી નં-૯, ૯૫ અને -૯૬ પ્લાન સદરે રાજ્યમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો ખાતે રસોઇ બનાવવા માટે અગાઉ બનાવવામાં આવેલ કિચનશેડના બાંધકામમાં થયેલ નુકશાન /ખુબજ જુના જર્જરીત અને પડી જાય તેવા હાલતમાં હોય તેવા ૨૫૦ કિચનશેડના રીપેરીંગમાં છતનું રીપેરીંગ, દિવાલોનું રીપેરીંગ તેમજ પ્લાસ્ટરનું કામ,ભોયતળિયાનું રીપેરીંગ, ટાઇલ્સનું કામ, બારી-દરવાજાનું કામ, કલરકામ અને ઇલેક્ટ્રીક કામ માટે એક કિચનશેડ દીઠ રુ.૪૦,૦૦૦/- લેખે એસ.એસ.એ.દ્વારા કામગીરી હાથ ધરવા માટે નીચેની શરતોને આધિન આથી રુ.૧૦૦/- લાખની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો-

(૧) આ અંગેની ગ્રાન્ટ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ,ગાંધીનગરને હવાલે મુકવાની રહેશે.

(૨) કિચનશેડને રીપેરીંગ માટેના કેન્દ્રોની યાદી મુજબ સમય-મર્યાદામાં કામગીરી ૨૦૧૬-૧૭ના નાણાકિય વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

(૩)આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકિય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અન્વયે તે અંગેની નીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક-એસપીઓ / ૧૦૨૦૦૫/૧૪૦૭/છમાં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો વખતની સુચનાઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૭)આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૮) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષના આખરે સરન્ડર કરવાની રહેશે.

(૯) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૧) આ અંગેનો ખર્ચ તા.૧/૪/૨૦૧૬થી કરવાનો રહેશે.

૪/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૫/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૫, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૬/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૬, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિગતવાર-સદર (૦૩)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.

૭/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૬ /૦૪/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.પી.પટેલ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

--માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
--માન. રા.ક. શિક્ષણ મંત્રીશ્રી(પ્રા.શિ.)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- અ.મુ. સચિવશ્રી (શિ.) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
--સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ,સેકટર-૧૭,ગાંધીનગર
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- એકાઉન્ટન્ટ જનરલ, (ઓડિટ)ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.